सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફરીયાદ દાખલ તા: | ૨૦/૦૨/૨૦૨૬ | | |
| ફરીયાદ રજી. તા: | ૨૦/૦૨/૨૦૨૬ | | |
| કેસ ફેંસલ તા: | ૨૦/૦૫/૨૦૨૬ | | |
| સમય ગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૦ |

## જામનગરના મહેરબાન ત્રીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–જામનગર

**ફોજદારી કેસ નં.:–૧૪૬૩/૨૦૨૬**

**આંક:– ૦૮**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **નામદાર સરકારશ્રી** |
| **–: વિરૂધ્ધ :–** | |
| **આરોપી :–** | **ધ્રુવ રાજેશભાઇ મકવાણા**<br>ઉંમર:–૨૦ વર્ષ, ધંધો:–ડ્રાઈવીંગ,<br>હાલ રહે.વિકટોરીયા પુલ, ભારત વાસ, શેરી નં.૦૭,<br>તા.જી.જામનગર. |

**ગુન્હો:– બી.એન.એસ.કલમ– ૨૮૧,૩૨૪(૪), તથા**
**એમ.વી. એક્ટ ની કલમ– ૧૭૭,૧૮૪, મુજબ...**

---

**// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.ડી.ભુરીયા //**
**// આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એમ.જોષી //**

---

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે મોજે ગુલાબનગર ચોક પાસે જાહેર રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાના મામા મયુરસિંહ પરમારની મારૂતી સુઝુકી બલેનો ફોરવ્હીલ કાર જેનો નં.જી.જે.૧૦.ઈ.સી.૬૭૦૦ લઇને નવરાત્રી રમવા માટે સમર્પણ સર્કલ પાસે જતા હતા ત્યારે આ કામના આરોપીએ પોતાના કબજાની ઇકો ફોરવ્હીલ ગાડી જેના રજી.નં.જી.જે.૧૦.ડી.એન.૧૬૧૬ ને પુરઝડપે તથા ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની મારૂતી સુઝુકી બલેનો કારના આગળના ભાગે ટક્કર મારી બમ્પર તથા સાઇડ પેનલને નુકશાન કરી ઈરાદાપૂર્વક બગાડ કરી બી.એન.એસ.કલમ–૨૮૧, ૩૨૪(૪), તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય, સીટી.બી.ડીવીઝન પો.સ્ટે. ગુન્હા રજીસ્ટ્રેશન નંબર :–૧૧૨૦૨૦૦૯૨૫૨૩૬૨/૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, મારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રીનાઓએ આરોપીને બી.એન.એસ કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ ફરીયાદપક્ષના આક્ષેપો અનુસાર ગુન્હાની વિગતે આરોપીની આંક:–૦૩ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

## –:: <u>મૌખિક પુરાવો</u> ::–

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદી રૂદ્રીકસિંહ પ્રવિણસિંહ ઝાલાની જુબાની | આંક:–૦૪ |

## –:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | આંક:–૦૫ |
| (૨) | બનાવવાળી જગ્યાનું પંચનામું | આંક:–૦૬ |

**(૪)** આ કામે ફરીયાદપક્ષે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાયેલ ન હોય, જેથી બી.એન.એસની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ત્યારબાદ સદર કામનું ઉપલબ્ધ રેકર્ડ વંચાણે લીધું તેમજ સદર કેસના ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે વિ.વ.શ્રી ની દલીલ સાંભળવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ટાળવા પુરાવાનાં પૃથ્થ્કરણમાં વણી લેવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(i)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે મોજે ગુલાબનગર ચોક પાસે જાહેર રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાના મામા મયુરસિંહ પરમારની મારૂતી સુઝુકી બલેનો ફોરવ્હીલ કાર જેનો નં.જી.જે.૧૦.ઈ.સી.૬૭૦૦ લઇને નવરાત્રી રમવા માટે સમર્પણ સર્કલ પાસે જતા હતા ત્યારે આ કામના

આરોપીએ પોતાના કબજાની ઈકો ફોરવ્હીલ ગાડી જેના રજી.નં.જી.જે.૧૦.ડી.એન.૧૬૧૬ પુરઝડપે તથા ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની મારૂતી સુઝુકી બલેનો કારના આગળના ભાગે ટક્કર મારી બમ્પર તથા સાઈડ પેનલને નુકશાન કરી ઈરાદાપૂર્વક બગાડ કરી બી.એન.એસ.કલમ–૨૮૧,૩૨૪(૪), તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

**(ii)** શું હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે:–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –:: કારણો ::–

**મુદ્દા નંબર:–૦૧ અને ૦૨**

**(૮)** આ કામે બચાવપક્ષે આંક:–૦૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કબુલ મંજુર રાખેલ છે. જેથી અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત તથા અકસ્માતના બનાવમાં આ કામના ફરીયાદી રૂદ્રીકસિંહ પ્રવિણસિંહ ઝાલાના કબજા હેઠળની બલેનો કારના આગળના બમ્પર તથા સાઈડ પેનલને નુકશાન થયાની હકીકત સ્વીકૃત છે. તથા આ અકસ્માતનો બનાવ ઈકો કારથી બનેલ હોવાની હકીકત પણ સ્વીકૃત હકીકત છે. પરંતુ આંક–૦૪ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ ફરીયાદી પોતાના સોંગદ ઉપરના પુરાવામાં એ હકીકત જણાવે છે કે, તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ પોતાના નાનાભાઈ જયદિપસિંહ નાઓ સાથે બલેનો કાર લઈને નવરાત્રી

રમવા માટે સમર્પણ સર્કલ પાસે જતા હતા ત્યારે ગુલાબનગર મેઈન ઢાળીયા તરફથી એક ઈકો ગાડીના ચાલકે તેઓની બલેનો કારને ટક્કર મારેલ જેથી બલેનો કારના આગળના બમ્પર તથા હેડલાઈટને અંદાજીત રૂા.૨૫,૦૦૦/– નુ નુકશાન થયાની હકીકત જણાવે છે. આંક–૦૫ થી રજુ થયેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ સોંગદ ઉપરના પુરાવામાં ઈકો કારનો ચાલક કોણ હતો?, તેનુ નામ શુ હતુ?, તેનુ વર્ણન કે અન્ય કોઈ હકીકત જણાવતા નથી. તેથી વિશેષ મહત્વની હકીકત એ છે કે, તેઓની સોંગદ ઉપરની ઉલટતપાસમાં આ કામના આરોપીને તેઓએ જોયેલ ન હોવાનુ તથા પોલીસે પાછળથી તેઓને બતાવેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર ફરીયાદીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં, ફરીયાદ પક્ષ કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. જેથી અકસ્માત કરનાર ઈકો કાર હાલનો આરોપી જ ચલાવતો હોવાની હકીકત તથા અકસ્માતનો બનાવ હાલના આરોપીના બેફામપણા, બેદરકારીના કારણે જ બનેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૯) વધુમાં, નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે "બદ્રપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ" ૧૯૯૪ ક્રિ.લો.જ.પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે, (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of

accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

આમ, ઉપરોકત કાયદાકીય પરિસ્થિતીને ધ્યાને લેતા ઇ.પી.કો. કલમ-૨૭૯/બી.એન.એસ કલમ-૨૮૧ ના ગુનામાં માત્ર carelessness કે error of judgment પુરતુ નથી, પરંતુ rash and negligent driving હાલના કામે આરોપીએ જ કરેલ હોવાનુ પુરવાર થવુ જરૂરી છે. માત્ર સ્પીડ એ બેદરકારી નક્કી કરવા માટેનું એક માત્ર પુરતુ કારણ નથી.

**(૧૦)** વધુમાં, ઇ.પી.કો કલમ–૪૨૭/બી.એન.એસ કલમ–૩૨૪(૪)ના આવશ્યક તત્ત્વો ધ્યાને લેવા અગત્યના છે.

Proof. The points requiring proof are–

(1) that the thing in question was property;

(2) that the accused caused its destruction or such change therein, or in the situation thereof, as has destroyed or diminished its value or utility, or affected it injuriously;

(3) that the accused did so intending or knowing that he was likely to cause loss or damage to the public or to any person;

(4) that such loss or damage was wrongful;

(5) that the loss or damage amount was at least to Rs. 50.

ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતી સાથે સાથે હાલના કેસની હકીકત ધ્યાને લેવામાં આવે તો, અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત સ્વીકૃત હકીકત છે તથા આ કામના ફરીયાદીની બલેનો કારને

થયેલ નુકશાન તે આ કામના આરોપી દ્વારા ઈરાદા પૂર્વક અથવા તો પોતાના નોલેજમાં હોય એ રીતે કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પર ફરીયાદ પક્ષ દ્વારા રજુ થયેલ નથી. જેથી બી.એન.એસ કલમ–૩૨૪ મુજબનાં બગાડની વ્યાખ્યામાં ફરીયાદીની કારને થયેલ નુકશાનનો સમાવેશ થતો નથી. જેથી ફરીયાદપક્ષ બી.એન.એસની કલમ–૩૨૪ મુજબના આવશ્યક તત્ત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, બી.એન.એસ કલમ–૩૨૪(૪) ના કામે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચાને ધ્યાને લેતાં, આ કામે ફરીયાદપક્ષે એક માત્ર ફરીયાદીને સોંગદ ઉપર તપાસવામાં આવેલા છે. ફરીયાદી સીવાય અન્ય સાહેદને સોંગદ ઉપર તપાસવામાં આવેલ નથી. આ કામના ફરીયાદી આંક–૦૫ થી રજુ થી રજુ ફરીયાદને અશંત: સમર્થન પુરૂ પાડે છે પરંતુ તેઓની બલેનો કારને નુકશાન કરનાર ઈકો કારનો ચાલક હાલનો આરોપી જ હોવાની હકીકત તથા હાલના આરોપીના બેફામપણા અને બેદરકારીના કારણે જ અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નંબર:–૦૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

(૧) આ કામના **ધ્રુવ રાજુશભાઈ મકવાણા** હાલ રહે. વિકટોરીયા પુલ, ભારત વાસ શેરી નં.–૦૭, તા.જી. જામનગર નાઓને બી.એન.એસ કલમ– ૨૭૮(૧) અન્વયે, બી.એન.એસ કલમ–૨૮૧,૩૨૪(૪), તથા એમ.વી.એક્ટ ની કલમ–૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ

ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ૨૦ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place :- JAMNAGAR
Date :- 20/05/2026

**(SALIMBADSHAH I. PATEL)**
3rd Additional Chief Judicial Magistrate.
Jamnagar
Code No. **GJ01096**